# દિલ્હીમાં સાંસદો સાથે વીએચપીના હોદ્દેદારોનું વિશેષ સંપર્ક અભિયાન





ગાંધીનગર, તા.૨૨
અત્યારે વિશ્વ હિંદુ પરિષદના ગુજરાત પ્રદેશ એકમ દ્વારા વિશેષ સંપર્ક અભિયાન ચલાવાઈ રહ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત ક્ષેત્રના વિશેષ સંપર્ક પ્રમુખ કિર્તીભાઈ મહેતા, ઉત્તર ગુજરાત પ્રાંતના વિશેષ સહ સંપર્ક પ્રમુખ દક્ષેશભાઈ મહેતા, વિશ્વ હિંદુ પરિષદના ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ મહેન્દ્ર મોડીયા તથા ઉત્તર ગુજરાત પ્રાંત વિશેષ સંપર્ક ટોલી સદસ્ય વગેરે દ્વારા આજે સાંસદ પ્રભુભાઈ વસાવા, સાંસદ કીરીટભાઈ સોલંકી, સાંસદ દિનેશભાઈ નાવડીયાને દિલ્હીમાં તેમના નિવાસસ્થાને મળી વિશ્વ હિંદુ પરિષદના ભારત રાષ્ટ્રને સ્પર્શતા મુદ્દાઓની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી તેમજ આગામી સમયની યોજના બનાવવામાં આવી હતી.

# વ્યવહારું જીવનમાં પણ ગણિત ખૂબ મહત્વનું : પ્રો. ગદાધર મિશ્રા

## ગુજકોસ્ટ અને આઇઆઇટીઇએ સંયુક્ત રીતે રાષ્ટ્રીય ગણિત દિવસ ઉજવ્યો

ગાંધીનગર, તા. ૨૨
ભારત વર્ષ ૨૦૧૨થી મહાન ગણિતશાસ્ત્રી શ્રીનિવાસન રામાનુજનના માનમાં રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી કરી રહ્યું છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી - ગુજકોસ્ટ દ્વારા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશનના સહયોગથી આઈઆઈટીઈ-ગાંધીનગર ઓડિટોરિયમમાં સવારે ૯ કલાકે રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમનું આયોજન ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હસ્તગત સંસ્થા નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કમ્યુનિકેશન (દ્રઞજીઞ)ના સહયોગથી કરાયું હતું.

કાર્યક્રમમાં બેંગલોરની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સીસના પ્રોફેસર અને જાણીતા ગણિતશાસ્ત્રી પ્રો. ગદાધર મિશ્રા મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. જેઓ ગણિત અને ગણિતના ક્ષેત્રમાં શ્રીનિવાસ રામાનુજનની ઉપલબ્ધીઓ અને આજના સમયમાં ગણિતની પ્રાસંગિકતા વિષે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વ્યવહારું જીવનમાં પણ ગણિત એટલું જ મહત્વનું છે. આઈઆઈટીઈના વાઈસ ચાન્સેલર હર્ષદ પટેલ અને ગુજકોસ્ટના સલાહકાર ડૉ. નરોત્તમ સાહુએ હાજરી આપી હતી.

આ ઉપરાંત ગુજકોસ્ટ દ્વારા સંચાલિત રાજ્યના ૩૩ જિલ્લાના કમ્યુનિટી સાયન્સ સેન્ટરો તેમજ



રાજકોટ, ભુજ, પાટણ અને ભાવનગર ખાતેના રીજિયોનલ સાયન્સ સેન્ટરોમાં રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં રામાનુજનની ગાણિતિક શોધો વિશેના ઈન્ટરેક્ટિવ સત્રો, ફિલ્મ શો, મેથ્સ પઝલ અને આનંદદાયક પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું. ભુજ ખાતે આવેલા રિજિયોનલ સાયન્સ સેન્ટરમાં ફિલ્ડ મેડલની ગેલેરી વિકસાવવામાં આવેલી છે જે ગણિતના પાસાઓને ઉજાગર કરે છે અને વિદ્યાર્થીઓને ગાણિતિક વિભાવનાઓના નિદર્શન માટે એક અનોખા પ્લેટફોર્મ તરીકે કામ કરે છે.

વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંશોધન વિદ્વાનો, વૈજ્ઞાનિકો અને શિક્ષકો સહિત લગભગ ૧૫૦ સહભાગીઓને કાર્યક્રમમાં હાજરી આપી હતી.

# સે. ૨૪ શાક માર્કેટમાં ભય ફેલાવતા માથાભારે તત્વો સામે કાનૂની પગલા ભરવા માંગ

## રાજસ્થાન સમાજે જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપ્યું : મોટી સંખ્યામાં રાજસ્થાની સમાજના વસાહતીઓ કલેક્ટર કચેરીએ ઉમટી પડ્યા



ગાંધીનગર તા ૨૨
ગાંધીનગરના સેક્ટર ૨૪માં શાક માર્કેટ ખાતે ગત તારીખ ૧૯ ની ડિસેમ્બરના રોજ એક જૂથ અથડામણ સર્જાઇ હતી જેમાં ચાર વ્યક્તિઓને ઈજા પણ થવા પામી હતી.

આ ઈજાગ્રસ્ત વ્યક્તિઓમાં મોટાભાગના રાજસ્થાની મૂળના વસાહતીઓ હતા જેઓ સેક્ટર ૨૪ના શાક માર્કેટમાં પોતાનો વેપાર ધંધો કરી ગુજરાન ચલાવી રહ્યા છે તે દિવસે સર્જાયેલી ઘટનામાં પાથરણાવાળા સ્થાનિક માથાભારે તત્વો દ્વારા આ વેપારીઓ પર નજીવી બાબતે હુમલો કરવામાં આવ્યો હતો તેવા આક્ષેપ સાથે ગાંધીનગરના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા આજે જિલ્લા કલેકટર તેમજ જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપી માથાભારે તત્વો સામે કાનૂની પગલા ભરવા વિનંતી કરવામાં આવી છે.

આ સમયે મોટી સંખ્યામાં રાજસ્થાની સમાજના વસાહતીઓ કલેકટર કચેરીએ ઉમટી પડ્યા હતા.

રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ ના પ્રમુખ તુલસીભાઈ માલીના વડપણ હેઠળ આજે મોટી સંખ્યામાં સેક્ટર ૨૪ના પરપ્રાંતીય વસાહતીઓએ કલેકટર કચેરીએ જઈને સેક્ટર ૨૪માં પરપ્રાંતિય વેપારીઓ પર હુમલો કરનાર માથાભારે ઈસમ મોહનભાઈ રાવળ તેમજ તેના સાથીઓ સામે કાનૂની પગલા ભરવા જિલ્લા કલેકટરને રજૂઆત કરી હતી.

રાજસ્થાન સમાજ દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર આ માથાભારે શખ્સ દ્વારા સેક્ટર ૨૪ના વિસ્તારમાં ભય અને અરાજકતાનું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આ માથાભારે શખ્શ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. આ શખ્સ દ્વારા અગાઉ સેક્ટર ૨૪ના આર્ય સમાજના ઝાંપા આગળ જ પાથરણા પાથરીને રસ્તો રાખવા બદલ ટોકવાને કારણે આર્ય સમાજના કર્મચારીને ઢોર માર મારવામાં આવ્યો હતો.

આમ વારંવાર સેક્ટર ૨૪માં પોતાના મળતીયાઓના જોરે દાદાગીરી કરીને ભય અને અરાજકતાનું વાતાવરણ ઊભું કરતા આ માથા ભારે શખ્સને કાનુન ને હવાલે કરી કાયદેસરના પગલાં ભરવા રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા તીવ્ર માંગ કરવામાં આવી હતી. આ સાથે રાજસ્થાન સમાજ દ્વારા જિલ્લા પોલીસ વડાને પણ આવેદનપત્ર આપીને સદર રજૂઆત કરવામાં આવી હતી.

## લવ જેહાદમાં ફસાયેલી ચંદ્રાલાની દીકરી હજુ ગુમ

ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા ગામે રહેતા પરપ્રાંતિય સમાજની દીકરી ગત સપ્ટેમ્બર માસમાં ગુમ થવા પામી હતી જેના પરિવારજનોના જણાવ્યા અનુસાર તેને વિધર્મી દ્વારા પ્રેમ જાળમાં ફસાવીને ભગાડી જવામાં આવી છે અને તે અંગે પોલીસને જાણ કરવા છતાં આજ દિન સુધી આ દીકરીનો કોઈ પત્તો મળ્યો નથી. ગાંધીનગરના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા આજે આ મુદ્દે પણ જિલ્લા કલેકટર તેમજ જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપી ગુમસુદા દીકરીને તાત્કાલિક શોધી આપવા અને તેન ભગાડી જનાર વિધર્મી યુવક સામે લવ જેહાદના કાયદા અંતર્ગત કાનૂની પગલા ભરવા માંગ કરવામાં આવી હતી

# ગાંધીનગર-કોલવડા માર્ગની હાલત બિસ્માર

## વાહનચાલકોને આયુર્વેદિક હોસ્પિટલ તરફ જતા કપરા ચઢાણ જેવો અનુભવ થઈ રહ્યો છે : આયુર્વેદિક હોસ્પિટલ કોલવડા તરફ જતો આ માર્ગ તાત્કાલિક મરામત કરાવવામાં આવે તેવી લોકમાંગણી છે







ગાંધીનગર, તા. ૨૨
ગાંધીનગર પાસે આવેલી કોલવડા આયુર્વેદિક કોલેજ તરફ જવાનો રોડ બિસ્માર હાલતમાં છે. ગાંધીનગરથી જતા કોલવડા ગામની અંદરથી પસાર થતો રોડ તો આનાથી પણ બદત્તર છે. તંત્ર દ્વારા બનાવવામાં આવેલી આટલી સુવિધાસભર હોસ્પિટલ સુધી જવા માટે જે રસ્તા ઉપરથી પસાર થવું પડે એ રસ્તા પ્રત્યે એ જ સરકારીતંત્રના આંખ આડા કાન જેવી પરિસ્થિતિ છે. આ રોડ એટલો બિસ્માર થઈ ગયેલ છે કે હોસ્પિટલ સુધી પહોંચતા પહોંચતા તો બીમાર દર્દી કમરના દર્દનો પણ શિકાર બની જાય. આ રસ્તો ઘણા મહિનાઓથી બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યો છે. જેની સામે તંત્ર દ્વારા કોઈ જ પગલાં લેવાઈ રહ્યા નથી. આ કોલવડાની આયુર્વેદિક હોસ્પિટલ ઘણી વખણાય છે. જેમાં લોકો દૂર દૂરથી આયુર્વેદિક દવાઓ માટે આવતા હોય છે. ત્યારે આ રસ્તાઓના કારણે અહીંયાથી પસાર થતા દરેક લોકોને કમરતોડ રસ્તો હોય તેવી અનુભૂતિ થાય છે. કોલવડા ગામ તરફ જતો આ રસ્તો વાહનોની હાલત પણ ખરાબ કરી રહ્યો છે. વરસાદ પહેલા પણ આ રસ્તો કમરતોડ હતો જે વરસાદ પડ્યા બાદ વધુ ખરાબ થઈ ગયો છે. ઈમરજન્સી સેવામાં ઉપયોગમાં લેવાતી એમ્બ્યુલન્સ પણ આ રસ્તામાં ઝડપથી જઈ શકે નહી તેવો રસ્તો થઈ ગયો છે. હોસ્પિટલ તરફ જતો આ રસ્તો દર્દીને બીજી પણ તકલીફ પહોંચાડી શકે તેવી પરિસ્થિતિ છે. લોકોએ અવાર-નવાર આ રસ્તાની મરામત કરવા માટે રજૂઆતો કરી છે પરંતુ કોઈ જ પગલા લેવાઈ રહ્યા નથી. આ કમરતોડ રસ્તાઓ લોકોની કમર તોડીને જ રહેશે તેવુ લાગી રહ્યું છે. કારણ કે ઘણા લાંબા સમયથી રસ્તો ખરાબ છે. ટુ-વ્હીલર ચાલક હોય કે ફોર વ્હીલર ચાલક હોય આ બિસ્માર રોડ બધા વાહનચાલકો માટે મુશ્કેલી સમાન બની રહ્યો છે. તેથી તાત્કાલિક ધોરણે રોડની મરામત થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.



રાષ્ટ્રિય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત અર્બન હેલ્થ સેન્ટર કોબા ના મેડિકલ ઓફિસર ડૉ.ધ્વનિ મેવાડા તેમજ સ્ટાફ દ્વારા કિશોરો માં જાગૃતતા માટે વિવિધ આરોગ્ય અંતર્ગત પ્રવુતિ કરી હતી

# રાજ્યપાલ પુરસ્કાર પરીક્ષા બ્રાઈટ સ્કૂલ વલાદ ખાતે યોજાઈ



ગાંધીનગર, તા. ૨૨
ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘ દ્વારા રાજ્યપાલ પુરસ્કાર પરીક્ષા-૨૦૨૨ જિલ્લાની બ્રાઈટ સ્કૂલ કરાઈ, વલાદ મુકીમે તા. ૨૧-૧૨-૨૦૨૨ના રોજ યોજવામાં આવી હતી. જે શાળામાંથી પ્રવેશ ફોર્મ ભરેલા હતા તે તમામ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પરીક્ષાના પરીક્ષણ તરીકે ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ-ગાઈડના ટ્રેનીંગ કમિશનર ભીખાલાલ સિદપરા હાજર રહીને સમગ્ર પરીક્ષા પ્રેક્ટીકલ, મૌખિક અને લેખિત લેવામાં જિલ્લાના સ્કાઉટર ગાઈડરે મદદ કરી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર મ્યુનિસિપાલીટીના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. જિલ્લા પ્રમુખ કનુભાઈ ડી. ચૌધરીએ સુભેચ્છા સંદેશ મોકલ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા ચીફ કમિશનર રતિલાલ જોષી, સ્કાઉટ કમિશનર યુવરાજસિંહ વાઘેલા, ગાઈડ કમિશનર દુર્ગાબા રાઓલ, જિલ્લામંત્રી અંજનાબેન ચૌધરી, સંસ્થાના સંચાલક માલવભાઈ ત્રિવેદી, શાળાના આચાર્યા પ્રેમીલાબેન શર્મા, વાસુના આચાર્ય મીનાબેન જોષી, જિલ્લા કમિશનર હેડક્વાટર કમલેશભાઈ રાવલ, જિલ્લા કમિશનર હેડક્વાટર ગાઈડ એકતાસીંગ, મદદનિશ જિલ્લા કમિશનર મિતેશ મેકવાન, જિલ્લા આયોજક કમિશનર ગાઈડ સુનિતાબેન પટેલ, ગાઈડર રજનીબેન સૌના સહકારથી બાળકોને સંસ્થા તરફથી ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ બદલ સંસ્થા અને શાળા પરિવારનો જિલ્લા સંઘે આભાર વ્યક્ત કર્યો હતો.

# કરાઈ પોલીસ તાલીમ એકેડમીના મહિલા પોલીસ અધિકારીનું પર્સ ચોરાયું

## દાગીના તથા રોકડ સહિત રૂ. ૨.૮૪ લાખની મતા સાથેનું પર્સ ચોરાયું : ત્રણ કર્મચારીઓ વિરુદ્ધ શંકાના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરાઈ

ગાંધીનગર તા ૨૨
ગાંધીનગર પાસેની પોલીસ તાલીમ એકેડમી કરાઈ ખાતે મહિલા પોલીસ અધિકારીનું દાગીના તથા રોકડ સહિત રૂ. ૨.૮૪ લાખની મતા સાથેનું પર્સ ચોરાતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે ડભોડા પોલીસે ત્રણ શખ્સો વિરુદ્ધ શંકાના આધારે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. ગાંધીનગરની કરાઈ પોલીસ તાલીમ એકેડમીના ઈન્ચાર્જ અધિક્ષક કાર્તિકુમાર પટેલે નોંધાવેલી ફરિયાદ અનુસાર એકેડમીના મહિલા પોલીસ અધિક્ષક અને નાયબ નિયામક સુજાતા મજમુદારનું પર્સ જેમાં રૂપિયા ૪૦ હજાર રોકડા સાથેનું એક નાનું પર્સ પણ સામેલ હતું તેમજ આશરે પોણા બે લાખની કિંમતનું એક સોનાનું કડું અને રૂપિયા ૫૦ હજારની કિંમતની સોનાની એક વીટી હતી તે ઓફિસમાં રાખેલું પર્સ ગુમ થઈ જવા પામ્યુ છે.

આ બનાવ અંગે સુજાતા મજમુદાર એ તેમને તારીખ ૧૮મી ડિસેમ્બરે બપોરે આશરે સાડા ૧૨ કલાકે ફોન કરીને જાણ કરી હતી. તેમના જણાવ્યા અનુસાર તેઓ તારીખ ૧૭ મી ડિસેમ્બરે ઓફિસે આવ્યા હતા ત્યારે પર્સ તેમની પાસે હતું. પરંતુ બપોરે સાડા ૧૨ વાગ્યા પછી ત્રણ વાગ્યા સુધી તેઓ ડીઆઈજીપી સાથેની મિટિંગમાં ગયા હતા. આ દરમિયાન ઓફિસમાંથી પર્સ ગુમ થવા પામ્યું હતું અને ઘણી શોધખોળ કરવા છતાં મળ્યું નથી. આ ઘટના અંગે સુજાતા મજમુદારની શંકાને આધારે ઓફિસના પટાવાળા કાંતિભાઈ કાચાભાઈ ભંગી, આઉટસોર્સિંગ કર્મચારી મનીષભાઈ કચરાભાઈ રાઠોડ તથા ભાવેશ ભીખાજી ઠાકોર આ ત્રણેય કર્મચારીઓ વિરુદ્ધ શંકાના આધારે ગુનો નોંધીને ડભોડા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગરના વાસણા હડમતિયા વિસ્તારમાં શ્રી નીલકંઠેશ્વર મહાદેવ ખાતે ચાલી રહેલ શ્રીમદ્ ભાગવત કથામાં સરગાસણ વસાહત મંડળના પ્રમુખ વિપુલભાઈ ઠાકર દ્વારા મહામંડલેશ્વર મહંત શ્રી મધુસુદનદાસજી મહારાજનું શાલ ઓઢાડીને સમસ્ત સરગાસણ વસાહત મંડળ તરફથી સન્માન કરવામાં આવ્યું હતું તેમજ કથાનો પ્રસાદ પણ તેમના દ્વારા આપવામાં આવ્યો હતો. તદુપરાંત સાંજની આરતીનો લાભ સરગાસણ વસાહત મંડળના કારોબારી સભ્ય દ્વારા લેવામાં આવ્યો હતો. ધાર્મિક કથાના કાર્યક્રમમાં વસાહત મંડળ તરફથી વિપુલભાઈ ઠાકર, મનુભાઈ પટેલ, કાનજીભાઈ દેસાઈ, ભાસ્કરભાઈ દલવાડી, મહેન્દ્રભાઈ કણજારીયા વગેરેએ હાજરી આપી આનંદની લાગણી અનુભવી હતી.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# ન્યુ વાવોલ વિસ્તારમાં સિટી બસ સેવાની તાતી જરૂરિયાત

## ન્યુ વાવોલનો વિકાસ ઝડપી બનવા સાથે અનેક પરિવારોનો વસવાટ વધ્યો: પથિકાશ્રમ ઉપરાંત સચિવાલય, સે.૨૧ માર્કેટ તેમજ કુડાસણ - સરગાસણને આવરી લેતા રૂટ શરૂ કરાય તે જરૂરી

ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવિષ્ટ વાવોલ ગામની આસપાસનો વિસ્તાર ન્યુ વાવોલ તરીકે હવે ઝડપથી વિકસી રહ્યો છે. ખાસ કરીને રેલવે અન્ડરપાસ અને ૪૫ મીટરના બાયપાસ આરસીસી રોડના નિર્માણ બાદ આ વિસ્તારમાં નવી અસંખ્ય રહેણાંક સ્કિમો બનવા પામી છે અને તેનાથી વધુ હજુ નિર્માણાધિન છે. જોકે હજુ પણ વાવોલ ગામ સહિત નવા વિકસેલા વિસ્તારમાં કેટલીક સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લગતી સુવિધાઓના અભાવને પગલે વિકાસને જોઈએ તેટલી ગતિ મળી રહી નથી. જ્યારે અનેક નવા પરિવારોએ આ વિસ્તારમાં વસવાટ શરૂ કર્યો છે જેમાં વાવોલ-ઉવારસદ માર્ગ આસપાસ વિકસેલો વાવોલનો નવો સોસાયટી વિસ્તાર પણ સામેલ છે તે વિસ્તારમાં જાહેર પરિવહન સુવિધાની મહત્વની જરૂરીયાત વર્તાઇ રહી છે ગાંધીનગરની ઈલેક્ટ્રોનિક જીઆઇડીસીથી વાવોલ વિસ્તારને જોડાતાં "ક" માર્ગ પર છેલ્લાં કેટલાંક વર્ષોમાં વિકાસે હરણફાળ ભરી છે અને હોટલ લીલા સહિત રેલ્વે અન્ડરપાસના વિકાસ સાથે જ આ વિસ્તારની તાસીર બદલાઈ જવા પામી છે. વળી, આ વિસ્તારમાં "ક" માર્ગ પરથી ભારે વાહનોને એસજી રોડ તરફ જવા માટે 'બાયપાસ' કરતો નવો ૪૫ મીટરનો રોડ બનવાયો છે જેની આસપાસમાં જ અંદાજે ૫૦ જેટલી નવી સોસાયટીઓ વિકસી છે જેમાં ફ્લેટ-એપાર્ટમેન્ટ્સ તેમજ ટેનામેન્ટ્સ-બંગ્લોઝ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કીર્તિધામ સોસાયટીથી ઉવારસદ તરફના માર્ગે વિકસેલા "ન્યુ વાવોલ" તરીકે ઓળખાતાં વિસ્તારમાં પણ અસંખ્ય નવી રહેણાંક સોસાયટીઓ વિકસી ચુકી છે અને આ બંને વસ્તારના નવા રહેણાંક વિસ્તારોમાં ખૂબ મોટી સંખ્યામાં બહારથી આવેલાં નવા પરિવારોનો વસવાટ વધ્યો છે અને હજુ પણ અસંખ્ય નવી રહેણાંક સ્કિમોનો વિકાસ થઇ રહ્યો છે. આ કારણે સમગ્ર વાવોલ વિસ્તારમાં શ્રમિકો, વિદ્યાર્થીઓ, નાના-મોટા નોકરિયાતો, વેપારીઓ સહિતના મધ્યમ વર્ગીય નાગરિકોની સંખ્યા વધી છે પરંતુ બીજી તરફ હજુ પણ આ વિસ્તારને જોડતાં એકલ-દોકલ સિટી બસના રૂટને બાદ કરતાં સિટી બસ સેવાના જાહેર પરિવહન સેવાને નામે મીંડુ જ છે. આ વિસ્તારમાં રહેતા મધ્યમવર્ગીય પરિવારો જેમની પાસે પોતાના વાહન નથી તેમને વારંવાર શાકભાજી કે ફળફળાદિથી માંડીને કરિયાણું, પ્રોવિઝન ગ્રોસરી, કપડાં કે અન્ય ચીઝવસ્તુઓ, દવાઓ કે તબીબી સેવાઓ વગેરે માટે ગાંધીનગરના શહેરી સેક્ટર વિસ્તાર પર આધાર રાખવો પડી રહ્યો છે જેમાં સે.૨૫ કે સે.૨૧ના શાક માર્કેટ, ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર કે સે.૧૬નો બેકિંગ કોમર્શિયલ વિસ્તાર, સે.૭નું માર્કેટ કે પછી ઈન્ફોસિટી, સરગાસણ, કુડાસણના વિકસેલા વિસ્તારો તરફ જવામાં નાછુટકે પહેલાં ફરજિયાત એસટી ડેપો જવાની ફરજ પડે છે. વળી, આ માર્ગ પરથી જીઆઇડીસીમાં નોકરી કે મજુરી કામે જતાં કર્મચારીઓ કે શ્રમિકો અથવા વિવિધ શાળાઓ કે ક્લાસીસમાં અભ્યાસ કરવા જતાં વિદ્યાર્થીઓ અથવા ખાનગી કંપનીના કર્મચારીઓ કે નવા સરકારી નોકરિયાતોને રોજીંદા અપડાઉન માટે "ક" માર્ગ પર શટલીયા રીક્ષાની સેવાઓનો અભાવ પણ સાલી રહ્યો છે. સત્વરે વાવોલના વિકસી રહેલાં આ નવા વિસતારોને આવરી લેતી સિટી બસ સેવા શરૂ કરાય તે જરુરી બન્યું છે.

## વાવોલ માટે જરુરી જણાતાં સિટી બસના રૂટ

વાવોલના 'ક' રોડ થઈ વાવોલના સોસાયટી વિસ્તારમાં સિટી બસની સુવિધા શરૂ થાય જેમાં એક રૂટ જીઆઈડીસી, સે.૨૪ માર્કેટ થઈને ઘ-૬થી સે.૨૧ તરફ જાય, બીજો રૂટ અન્ડરપાસ થઈને એલડીઆરપી, ઘ-૫, ૧૭,૨૨, જુના સચિવાલયથી સર્કિટ હાઉસ તરફ જાય અને ત્રીજો ગામમાં થઈને સિવિલ હોસ્પિટલ, બસડેપો, થઈને ચ-૩, ચ-૦ ઈન્દ્રોડા પાર્ક થઈને ઈન્ફોસિટી, ટીસીએસ, રિલાયન્સ સર્કલ, સરગાસણ, થઈ ખ- રોડથી વાવોલ ગામમાં થઈને સર્ક્યુલર રૂટ ચાલે તો દરેકને ઉપયોગી બની શકે તેમ છે.